# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 06-12-2024** **EVENING : 7.10 to 7.20**
**Day: Firday** **REGIONAL NEWS**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

1) સમગ્ર રાજ્યમાં બે દિવસ માટેના રવી કૃષિ મહોત્સવ-૨૦૨૪નો આજથી આરંભ થયો છે.

2) કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ આવતીકાલે અમદાવાદની મુલાકાત લઈને વિવિધ કાર્યક્રમોમાં ભાગ લેશે.

3) ગુજરાત સરકારના દિલ્હી ખાતેના 'ગરવી ગુજરાત ભવન'ને (ગ્રીન રેટિંગ ફોર ઇન્ટીગ્રેટેડ હેબિટેટ અસેસમેન્ટ) GRIHA સંસ્થા દ્વારા થ્રી સ્ટાર રેટિંગનો ગ્રીન બિલ્ડિંગ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે.

4) કચ્છ – સૌરાષ્ટ્રના અનુસૂચિત જાતિના એક હજાર, 840 લાભાર્થીઓને વિવિધ યોજનાના 34 કરોડ 35 લાખ રૂપિયાના લોન સહાયનું મંત્રી ભાનુબેન બાબરીયાના હસ્તે ભુજમાં વિતરણ કરાયું છે.

5) સમગ્ર દેશમાં આજે સિવિલ ડિફેન્સ અને હોમગાર્ડનો સ્થાપના દિવસ ઉજવાઈ રહ્યો છે.

6) ઐતિહાસિક મહત્વ ધરાવતાં કચ્છનાં પાટનગર ભુજ શહેરના 477 મા સ્થાપના દિનની આજે શહેરવાસીઓ દ્વારા ઉમંગભેર ઉજવણી કરવામાં આવી.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# RAVI KRUSHI MAHOTSAV

સમગ્ર રાજ્યમાં બે દિવસ માટેના રવી કૃષિ મહોત્સવ-૨૦૨૪નો આજથી આરંભ થયો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રવી કૃષિ મહોત્સવનો બનાસકાંઠાના દાંતીવાડાથી આરંભ કરાવ્યો હતો..

મુખ્યમંત્રીએ રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોના હિતમાં શરૂ કરાયેલી યોજનાઓનું વિગતો આપીને તેનો મહત્તમ લાભ લેવા અનુરોધ કર્યો હતો. તેમણે જમીન અને પર્યાવરણના હિતમાં પ્રાકૃતિક ખેતી અપનાવવા ખેડૂતોને અનુરોધ કર્યો હતો.

તેમણે વધુમાં કહ્યું કે, (મુખ્યમંત્રી કૃષિ મહોત્સવ બાઇટ)

આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ૧૨ જેટલા પ્રગતિશીલ ખેડૂતોને પોતાની આગવી કોઠાસુઝથી કૃષિ ક્ષેત્રે કરેલા સંશોધન માટે સરદાર પટેલ કૃષિ સંશોધન પુરસ્કારથી સન્માનિત કર્યા હતા. કૃષિ ક્ષેત્રે નવીનતમ ટેકનોલોજીની જાણકારી આપતી માહિતી પુસ્તિકાનું વિમોચન અને ખેડૂતલક્ષી વિવિધ યોજનાઓના ૧૧ લાખ રૂપિયાથી વધુનું સહાયનું વિતરણ મુખ્યમંત્રી અને કૃષિ મંત્રીએ કર્યું હતું.

બે દિવસીય કૃષિ મહોત્સવમાં વિવિધ ટેકનીકલ માર્ગદર્શન, પરિસંવાદો, પ્રાકૃતિક ખેતીનું નિદર્શન, પ્રાકૃતિક કૃષિ મોડેલ ફાર્મની મુલાકાત તેમજ પશુ આરોગ્ય મેળાઓ રાજ્યના તમામ તાલુકા મથકોએ યોજાશે.

# ravi krushi mahotsav -district

રાજ્યના નાણાં, મંત્રી કનુ દેસાઈની ઉપસ્થિતમાં વલસાડના છ તાલુકાઓમાં આ મહોત્સવનો પ્રારંભ થયો.

સુરેન્દ્રનગર જિલ્લામાં કૃષિ મહોત્સવ પ્રસંગે નાયબ મુખ્ય દંડક જગદીશ મકવાણાએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે સુરેન્દ્રનગર જિલ્લાના ચાર તાલુકાના ૯૮ ગામોમાં સિંચાઈની સુવિધામાં વધારો કરવા માટે ૭૬૬ કરોડની યોજનાની મંજૂરી આપી દીધી છે.

છોટાઉદેપુર જિલ્લાના છ તાલુકાઓમાં આ મહોત્સવ અંતર્ગત લાભાર્થી ખેડૂતોને સહાયનું વિતરણ કરાયું.

આ ઉપરાંત તાપી અને વિસનગરના ગુંજા ખાતે પણ બે દિવસીય રવિ કૃષિ મહોત્સવ આજથી શરૂ થયો છે

# Amit Shah

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ આવતીકાલે અમદાવાદની મુલાકાતે આવશે. શ્રી શાહ આવતીકાલે સવારે અમદાવાદમા ગ્લોબલ હોસ્પિટલનું ઉદઘાટન કરશે. ત્યાર બાદ તેઓ, શક્તિ કન્વેન્શન સેન્ટર ખાતે યોજાનાર ગુજરાત લોકસેવા ટ્રસ્ટના વાર્ષિક ઉત્સવમાં હાજરી આપશે. શ્રી શાહ સાંજે BAPS અક્ષરધામના કાર્યકર્તા સ્વર્ણ જયંતિ ઉત્સવમાં ભાગ લેશે. આ કાર્યક્રમમાં પ્રસાર ભારતીના ચેરમેન નવનીત સેહગલ પણ ભાગ લેશે.

# Garvi Gujarat GRIHA

ગુજરાત સરકારના દિલ્હી ખાતેના 'ગરવી ગુજરાત ભવન'ને (ગ્રીન રેટિંગ ફોર ઇન્ટીગ્રેટેડ હેબિટેટ અસેસમેન્ટ) GRIHA સંસ્થા દ્વારા થ્રી સ્ટાર રેટિંગનો ગ્રીન બિલ્ડિંગ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે.

નવી દિલ્હીમાં યોજાયેલી 16મી GRIHA સંસ્થાની શિખર બેઠકમાં આ પુરસ્કાર ગુજરાત સરકાર વતી ગરવી ગુજરાત ભવનના મુખ્ય વહીવટી અધિકારી કેપ્ટન પ્રશાંત સિંહએ સ્વીકાર્યો હતો. આ પુરસ્કારમાં GRIHA રેટિંગ પ્લેક અને શીલ્ડ અપાયા હતા.

દિલ્હી ખાતેનું ગુજરાત ભવનમાં વર્ટિકલ ગાર્ડન, સૂર્ય ઊર્જાનો ઉપયોગ, ઉપયોગમાં લેવાયેલા પાણીને શુધ્ધ કરીને ફરીથી ઉપયોગમાં લઈ શકાય તેવી ટેકનોલોજી, જળ સંવર્ધનની સુવિધા તેમજ ઘન કચરાનો વૈજ્ઞાનિક ઢબે નિકાલ જેવી પર્યાવરણને અનૂકુળ બધી જ જરૂરિયાતોને સફળતાપૂર્વક પૂર્ણ કરાઈ છે.

આશરે 20 હજાર ચોરસ ફૂટમાં ફેલાયેલા ગરવી ગુજરાત ભવનમાં રાજ્યની સંસ્કૃતિનું સમૃધ્ધિનો પરિચય આપતાં પરંપરાગત અને આધુનિક સ્થાપત્યનું મિશ્રણ છે..

# Bhanuben Babariy

ભુજ ટાઉનહોલ ખાતે યોજાયેલા ખાસ કાર્યક્રમમાં કચ્છ – સૌરાષ્ટ્રના ૧૨ જિલ્લાના અનુસૂચિત જાતિના એક હજાર, 840 લાભાર્થીઓને વિવિધ યોજનાના 34 કરોડ, 35 લાખ રૂપિયાની લોન સહાયનું મંત્રી ભાનુબેન બાબરીયાના હસ્તે વિતરણ કરાયું છે. તેમજ ડો. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમોના લોન માટેની ૬૬૨ અરજીઓ પૈકીની ૩૦૦ અરજીઓનો ઓનલાઇન ડ્રો મંત્રીશ્રીના હસ્ત યોજાયો હતો.

આ કાર્યક્રમના અધ્યક્ષસ્થાનેથી ડો.બાબાસાહેબ આંબેડકરના મહાપરિનિર્વાણ દિને તેમને શ્રદ્ધાસુમન અર્પણ કરતા મંત્રી શ્રીમતિ ભાનુબેન બાબરીયાએ જણાવ્યું હતું કે, ડૉ. બાબાસાહેબ આંબેડકરે ભારતને બંધારણની ભેટ આપીને દેશની મોટી સેવા કરી છે. બાબાસાહેબે વંચિતો, શોષિતો, પીડિતોના ઉદ્ધાર તથા તેમની પ્રગતિ માટે સંપૂર્ણ જીવન ખર્ચી નાખ્યું હતું. આ પ્રસંગે તેમણે માહિતી ખાતા દ્વારા તૈયાર કરાયેલી “વિકાસ સૌરભ” વંચિતોના વિકાસ યોજનાકીય સંપુટ પુસ્તિકાનું વિમોચન કર્યું હતું.

# HOMGARD - AMDAVAD

સમગ્ર દેશની સાથે રાજ્યમાં આજે ગૃહરક્ષક દળ અને નાગરિક સંરક્ષણ સ્થાપના દિવસ ૨૦૨૪ની ઉજવણી અમદાવાદમાં કરવામાં આવી છે. ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ એમ.કે.દાસની અધ્યક્ષતામાં યોજાયેલા આ કાર્યક્રમમાં એમ.કે.દાસે તમામ હોમગાર્ડસને ૬૨માં હોમગાર્ડઝ અને નાગરિક સંરક્ષણ સ્થાપના દિનની શુભકામના આપીને હોમગાર્ડઝની સેવાઓની પ્રસંશા કરી હતી.

આ પ્રસંગે રાજ્યકક્ષાના રમતોત્સવમાં વિજેતા રમતવીરોને ટ્રોફી આપવામાં આવી હતી, તેમજ વર્ષ -૨૦૨૪ના કુલ-૨૦ DG Discના ચંદ્રક હોમગાર્ડઝ દળ-નાગરિક સંરક્ષણ તંત્રના અધિકારી, કર્મચારીઓને તેમજ માનદ્ અધિકારી, સભ્યોને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો.

જામનગર ખાતે પણ એક વિશેષ કાર્યક્રમમાં હોમગાર્ડના જવાનોનું વિશિષ્ટ કામગીરી બદલ સન્માન કરાયું. તો ડાંગ જિલ્લાના આહવા ખાતે વૃક્ષારોપણ,. પરેડ વિગેરે કાર્યક્રમોનું આયોજન કરાયું તેમજ જવાનોને સન્માનિત કરાયા.

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

# KUTCH STHAAPNA DIVAS-BHUJ

ઐતિહાસિક મહત્વ ધરાવતાં કચ્છનાં પાટનગર ભુજ શહેરના 477 મા સ્થાપના દિનની આજે શહેરવાસીઓ દ્વારા ઉમંગભેર ઉજવણી કરવામાં આવી. શહેરમાં થયેલ વિવિધ પ્રકારની ઉજવણી વિશે વધુ માહિતી આપી રહ્યા છે કચ્છના અમારા પ્રતિનિધિ હેમાંગ પટ્ટણી..........

(બાઇટ – હેમાંગ પટ્ટણી )

# Tower collapse

ભાવનગરના જાફરાબાદ તાલુકાના લોઠપુરવાડી વિસ્તારમાં એક ટાવર ધરાશાયી થતા બે શ્રમિકના ઘટના સ્થળે જ મોત થયા હોવાના અહેવાલ છે.

અમારા ભાવનગરના પ્રતિનિધિ હરેશ ટાંકના જણાવ્યા પ્રમાણે લોઠપુર નજીક વાડી વિસ્તારમા પવન ચક્કી ઉભી કરતા પહેલા અહી પવનની ગતિજોવા માટે બે ટાવર ઉભા કરવાની કામગીરી ચાલી રહી હતી ત્યારે એક ટાવર ધરાશાયી થતાબે પરપ્રાંતિય મજુરના મોત થયા છે. કર્ણાટકના આ બે શ્રમિકો ટાવર ઉભો કરવાની કામગીરી કરી રહ્યાં હતા ત્યારે એક ટાવર અચાનક ધરાશાયી થતા બંને નીચે પટકાતા ઘટના સ્થળે જ તેમના મોત નિપજયાં હતા.

# bharuch - accident

ભરૂચ જિલ્લાના આછોદ ગામ પાસે એક ટ્રક અને ટ્રેકટર વચ્ચે અકસ્માત સર્જાતાં એક વ્યક્તિનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું જ્યારે એક વ્યક્તિ ગંભીર રીતે ઇજા ગ્રસ્ત થયો છે. આમોદ તાલુકાના આછોદ ગામેથી રોઝા ટંકારીયા ગામ તરફ જતા હતા તે દરમિયાન  પુરઝડપે આવતી ટ્રકે ટ્રેકટરને પાછળથી ટક્કર મારતાં ટ્રેક્ટર પલ્ટી ખાઈ ગયું હતું. જેમાં ભારત મોહન રાઠોડ ટ્રેકટરની નીચે દબાઈ જતાં સ્થળ ઉપર જ કરૂણ મોત થયું હતું. જયારે ટ્રેક્ટરના ચાલક મુકેશ રાઠોડને ઇજાઓ થઇ હતી. આમોદ પોલીસે ટ્રક ચાલક સામેગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# MAHAPARINIRVAAN DIVAS-STATE

બંધારણના ઘડવૈયા, ભારત રત્ન ડૉ. બી.આર. આંબેડકરની 69મી પુણ્યતિથિ નિમિત્તે આજે મહાપરિનિર્વાણ દિવસ મનાવવામાં આવી રહ્યો છે. રાષ્ટ્ર નિર્માણમાં ડૉ.આંબેડકરના યોગદાનને ઉજાગર કરવા દેશની સાથે સાથે રાજ્યમાં અનેક સ્થળોએ ડૉ. આંબેડકરને પુષ્પાંજલિ અર્પણ કરાઇ રહી છે.

મહીસાગર જિલ્લામાં લુણાવાડા ખાતે આદિજાતિ વિકાસ અને શિક્ષણ મંત્રી ડૉ. કુબેર ડિંડોર સહિત વિવિધ સામાજિક આગેવાનોએ બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને સુતરની આંટી પહેરાવી પુષ્પાંજલિ અર્પણ કરી હતી. ભાજપના દહાણું અને દમણ દીવપ્રદેશ કાર્યાલય ખાતે પણ ડૉ. આંબેડકરને પુષ્પાંજલિ અર્પણ કરાઇ હતી.

# Metro

અમદાવાદ વસ્ત્રાલ ગામથી થલતેજ વચ્ચે ચાલતી મેટ્રો ટ્રેન સેવાઓ હવે આઠમી ડિસેમ્બરથી થલતેજ ગામ સુધી લંબાવવામાં આવી છે. આટ્રેનનું સમયપત્રક ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશનની વેબસાઇટ્ પર ઉપલબ્ધ છે. થલતેજ ગામથી પ્રથમ ટ્રેન સવારે 06.ને 20 કલાકે ઉપડશે.

# WAVES Summit-2025

કેન્દ્ર સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલયના ઉપક્રમે નવી દિલ્હીમાં આગામી પાંચમી ફેબ્રુઆરીથી ‘WAVES સમિટ-૨૦૨૫’ યોજાશે. પાંચથી નવમી ફેબ્રુઆરી દરમિયાન યોજાનારી આ પરિષદ માટે નોંધણી પ્રક્રિયા શરૂ થઈ છે.

યુનિવર્સિટી તથા કોલેજના વિદ્યાર્થીઓ waves india.org અથવા mygov.in પર નોંધણી કરીને ‘ક્રિએટ ઇન ઇન્ડિયા’ સીઝન-૧માં પોતાના રસના વિષયની સ્પર્ધામાં ભાગ લઇ શકશે. વિજેતા વિદ્યાર્થીઓને પોણા ત્રણ કરોડ રૂપિયા સુધીની રોકડ રકમ સહિતના પુરસ્કાર અપાશે

આ પરિષદ દ્વારા મીડિયા અને એન્ટરટેઈનમેન્ટ ક્ષેત્રમાં ભારતીય મીડિયાનો વૈશ્વિક બજારમાં હિસ્સો વધશે અને આ ક્ષેત્ર સાથે જોડાયેલી યુવા પેઢી માટે રોજગારના નવા દ્વાર ખુલશે.